# રાજ્યનું ધો-૧૨ સામાન્ય પ્રવાહનું ૫૬.૮૨ ટકા પરિણામ

## ભીખાપુરા કેન્દ્રનુ પરિણામ સૌથી ઓછુ ૧૦.૦૭ ટકા : ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ૮૧ : ૧૨૭ શાળાનું પરિણામ ૧૦ ટકાથી પણ ઓછુ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ હતુ. આની સાથે જ પરિણામને લઈને ચાલી રહેલી ઉત્સુકતાનો અંત આવ્યો હતો. સામાન્ય પ્રવાહનુ પરિણામ એકંદરે ૫૬.૮૨ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. જે માર્ચ ૨૦૧૬ની સરખામણીમાં આશરે એક ટકા વધારે છે. સૌથી વધુ પરિણામ ધરાવતુ કેન્દ્ર એલિસબ્રિજ છે. અહીંનુ પરિણામ ૧૦૦ ટકા રહ્યુ છે. જ્યારે સૌથી ઓછુ પરિણામ ધરાવતુ કેન્દ્ર ભીખાપુરા છે. તેનુ પરિણામ ૧૦.૦૭ ટકા રહ્યુ છે. ૭૩.૮૫ ટકા પરિણામની સાથે સુરત સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો રહ્યો છે. જ્યારે સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો છોટાઉદેપુર રહ્યો છે જેનું પરિણઆમ ૩૦.૮૧ ટકા નોંધાયું છે. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ૮૧ રહી છે. જ્યારે ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ૧૨૭ રહી છે. પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી. પરિણામ જાણવા માટે વિદ્યાર્થીઓ પહેલાથી જ ભારે ઉત્સુક હતા. ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યાના એક દિવસ બાદ જ સામાન્ય પ્રવાહનું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યુ હતુ.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ પહેલાથી જ જાહેર કરવામાં આવી ચુક્યું છે. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૧મી મેના દિવસે જાહેર કરવામાં આવ્યું હતું. હવે સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યુ છે. આ વર્ષે ધો.૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૦૦૦નો વધારો થયો હતો. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં લાખો વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેના માટે કુલ ૪૯૬ કેન્દ્રો અને પેટા કેન્દ્રો નિર્ધારિત કરાયા હતા. આ તમામ કેન્દ્રો પરથી સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી અને ઉચ્ચતર ઉત્તરબુનિયાદી પ્રવાહમાં જંગી વિદ્યાર્થીઓ નોંધાયા હતા. અમદાવાદના ૬ ઝોનમાં ધોરણ ૧૨ની પરીક્ષા લેવાઈ હતી. જેલના કુલ ૩૫ કેદીઓએ ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. હાલ કોઈને કોઈ કારણસર પરિણામ જાહેર કરવામાં વિલંબ થઈ રહ્યો હતો.

આજે સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા રહી હતી. અમદાવાદ શહેરના ૨૮૮૫૫ નિયમિત, ૫૦૬૨ રીપીટર ૩૬૦૬ ખાનગી સહિત કુલ ૩૯૨૪૮ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. જ્યારે અમદાવાદ ગ્રામ્યના ૧૭૧૩૮ નિયમિત, ૩૭૦૦ રીપીટર, ૩૬૦૬ ખાનગી સહિત ૨૫૨૮૩ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. અમદાવાદ શહેર અને ગ્રામ્યના કુલ ૬૪૫૩૧ વિદ્યાર્થીઓના ભાવિનો આજે ફેસલો થયો હતો. ૨૭મીના રોજ જાહેર થનારા પરિણામને કોઈ કારણસર મુલતવી રખાયું હતું. ગત વર્ષે સામાન્ય પ્રવાહનું પરિણામ ૫૫.૮૫ ટકા જાહેર થયું હતું. ગાયા વર્ષની તુલનામાં પરિણામ આ વખતે વધી ગયુ છે. આર્ટ્સ-કોમર્સના પ્રવેશ માટે ગુજરાત યુનિવર્સિટીએ પિન વિતરણ કરી દીધું છે. પરંતુ પરિણામના અભાવે રજિસ્ટ્રેશન શરૂ થયું નથી.

### પરિણામની સાથે સાથે

- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ ૫૬.૮૨ ટકા
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૫ી માર્ચથી સામાન્ય પ્રવાહની પરીક્ષા લેવામાં આવી હતી
- એલિસબ્રિજ કેન્દ્રનુ પરિણામ સૌથી વધારે ૧૦૦ ટકા રહ્યુ
- ભીખાપુર કેન્દ્રનુ પરિણામ સૌથી ઓછુ ૧૦.૦૭ ટકા પરિણામ નોંધાયુ છે
- ૭૩.૮૫ ટકા સાથે સુરત સૌથી વધારે પરિણામ ધરાવતો જિલ્લો બન્યો
- ૩૦.૮૧ ટકા સાથે છોટા ઉદેયપુરનો સૌથી ઓછુ પરિણામ
- સામાન્ય પ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ૮૧ નોંધાઈ
- આ વર્ષે ધોરણ-૧૨મા કુલ ૫૦૫૬૫૧ વિદ્યાર્થીઓ નોંધાયા હતા
- ધોરણ-૧૦નુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ તરત જ ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ છે
- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ ૧૧મી મેના દિવસે જાહેર કરવામાં આવ્યુ હતુ

### પરિણામ : હાઈલાઈટ્સ

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ હતુ. આની સાથે જ પરિણામને લઈને ચાલી રહેલી ઉત્સુકતાનો અંત આવ્યો હતો. સામાન્ય પ્રવાહનુ પરિણામ ૫૬.૮૨ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. આ વખતે જે વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા આપવામાં આવી હતી તે પૈકી ૨૮૧૨૫૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. સૌથી વધુ પરિણામ ધરાવતુ કેન્દ્ર એલિસબ્રિજ છે. અહીં પરિણામ ૧૦૦ ટકા રહ્યુ છે. જ્યારે સૌથી ઓછુ પરિણામ ધરાવતુ કેન્દ્ર ભીખાપુરા છે. પરિણામ હાઈલાઈટ્સ નીચે મુજબ છે.

| | |
|---|---|
| એકંદરે પરિણામ | ૫૬.૮૨ ટકા |
| કુલ કેન્દ્રો | ૪૯૬ |
| ઉપસ્થિત નિયમિત ઉમેદવાર | ૩૧૧૭૧૭ |
| ઉપસ્થિત પુનરાવર્તિત ઉમેદવાર | ૧૦૨૯૨૨ |
| ઉપસ્થિત ઉમેદવાર ખાનગી | ૮૦૩૮૪ |
| પ્રમાણપત્રને પાત્ર નિયમિત ઉમેદવાર | ૨૩૭૮૭૬ |
| પ્રમાણપત્રને પાત્ર પુનરાવર્તિત ઉમેદવાર | ૨૫૨૮૯ |
| પ્રમાણપત્રને પાત્ર ખાનગી ઉમેદવાર | ૧૮૦૯૧ |
| નિયમિત ઉમેદવારના પરિણામની ટકાવારી | ૭૬.૩૧ ટકા |
| પુનરાવર્તિત ઉમેદવારની ટકાવારી | ૨૪.૫૭ ટકા |
| ખાનગી ઉમેદવાર પરિણામ ટકાવારી | ૨૨.૫૧ |
| સામાન્ય પ્રવાહનું પરિણામ | ૫૬.૭૮ |
| વ્યવસાયલક્ષીનું પરિણામ | ૬૨.૬૨ |
| ઉચ્ચતર ઉત્તર બુનિયાદીનું પરિણામ | ૬૦.૧૦ |
| સૌથી ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર | ભીખાપુરા(૧૦.૦૭ ટકા) |
| સૌથી વધુ પરિણામ ધરાવતુ કેન્દ્ર | એલિસબ્રિજ (૧૦૦ ટકા) |
| સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો | છોટા ઉદેયપુર (૩૦.૮૧ ટકા) |
| સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો | સુરત (૭૩.૮૫ ટકા) |
| ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ | ૮૧ |
| ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ ધરાવતી શાળા | ૧૨૭ |
| એક વિષયમાં નાપાસ વિદ્યાર્થી | ૫૮૯૬૧ |
| એવન ગ્રેડ મેળવનાર | ૨૫૭ |
| એટુ ગ્રેડ મેળવનાર | ૭૦૫૫ |
| બીવન ગ્રેડ મેળવનાર | ૩૧૫૬૪ |
| બીટુ ગ્રેડ મેળવનાર | ૬૩૮૦૮ |
| સીવન ગ્રેડ મેળવનાર | ૮૦૧૭૨ |
| સીટુ ગ્રેડ મેળવનાર | ૫૯૬૬૦ |
| ડી ગ્રેડ મેળવનાર | ૩૮૬૭૪ |
| ઈવન ગ્રેડ મેળવનાર | ૬૦ |
| નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ | ૬૯.૫૭ ટકા |
| નિયમિત વિદ્યાર્થીનીઓનું પરિણામ | ૮૩.૫૮ |
| પુનરાવર્તિત વિદ્યાર્થીઓનું પરિણામ | ૨૧.૯૨ |
| પુનરાવર્તિત વિદ્યાર્થીનીઓનું પરિણામ | ૩૧.૩૫ |
| ખાનગી વિદ્યાર્થીઓનું પરિણામ | ૧૮.૦૮ |
| ખાનગી વિદ્યાર્થીનીઓનું પરિણામ | ૩૪.૮૯ |
| અંગ્રેજી માધ્યમનું પરિણામ | ૭૪.૨૦ |
| ગુજરાતી માધ્યમનું પરિણામ | ૫૫.૪૨ |
| ૨૦ ટકા પાસિંગ માર્ક સાથે પાસ થનાર | ૧૬૬ |
| ગેરરીતિના કેસો | ૧૦૧૨ |

### જ્ઞાનધારા શિક્ષણ તીર્થ સાદરાનું ઉજજવળ પરિણામ

ગાંધીનગર, તા.૩૦

જ્ઞાનધારા શિક્ષણ તીર્થ સાદરાનું ધોરણ-૧૦નું ૮૮.૫૭ ટકા અને ધો-૧૨નું વિજ્ઞાનપ્રવાહનું પરિણામ ૯૫.૨૩ ટકા આવેલ છે. ધો-૧૦માં પટેલ વિશાલ ચંદ્રકાંત ૯૮.૮૫ પી.આર., પંડયા અપેક્ષા ઉપેન્દ્રભાઈ ૯૮.૧૮ પી.આર. અને રબારી નિકુંજ વિરમભાઈ ૯૭.૯૧ પી.આર. આવેલ છે. ધોરણ-૧૨માં પટેલ યજ્ઞેશ વસંતભાઈ ૯૭.૫૧ પી.આર, ચૌધરી કિંજલ મણીભાઈ ૯૧.૫૧ પી.આર. તથા રાઠોડ ધનરાજસિંહ સુરેન્દ્રસિંહ ૯૦.૧૭ પી.આર. આવેલ છે. આચાર્યશ્રી તથા ટ્રસ્ટી મંડળે સૌને અભિનંદન પાઠવેલ છે.



### મોડાસા શહેરમાં પ્રણામી સંપ્રદાયની ભવ્ય શોભાયાત્રા નીકળી

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના મેઘરજ રોડ પર નવનિર્માણ પ્રણામી મંદિરમાં સેવા પધરામણી મહોત્સવ અંતર્ગત પંચ દિવસીય ધાર્મીક કાર્યક્રમો યોજાયા બાદ મંગળવારે સવારે મોડાસા શહેરની બસસ્ટેન્ડ પાછળ આવેલી વૃંદાવન સોસાયટીમાંથી શ્રી રાજ શ્યામાજી મહારાજની ભવ્ય શોભાયાત્રા ભજન-કિર્તન સાથે સુરત મહામંગલપુરી ધામના મહંત આચાર્યશ્રી ૧૦૮ સૂર્યનારાયણ મહારાજ, પદ્માવતી પુરી ધામ પન્નાના શ્રી દેવકરણ ગાંધી મહારાજ અને રતનપુરીના મહંત શ્રી વિંધ્યાચલજી મહારાજના સાનિધ્યમાં નિકળી શહેરના વિવિધ માર્ગો પર ફરી મેઘરજ રોડ પર આવેલ પ્રણામી મંદિરે સંપન્ન થઈ હતી. જેમાં પ્રણામી સંપ્રદાયના અરવલ્લી-સાબરકાંઠા, પંચમહાલ, ગોધરા, વડોદરા, સુરત સહિતના ભક્તો જોડાયા હતા. મોડાસા શહેરના માર્ગો 'મંદિરમાં કોણ છે શ્રી રાજજી મારો હૈયાનો નાથ છે' ના નારાથી ગુંજી ઉઠ્યા હતા.

### વિકસતી આદર્શ નિવાસી કન્યા શાળાનું પરિણામ ૧૦૦ ટકા

ગાંધીનગર, તા.૩૦

વિકસતી જાતિ આદર્શ નિવાસી શાળા (કન્યા) સેકટર-૧૩ ગાંધીનગરનું માર્ચ-૧૦નું ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુંપરિણામ ૧૦૦ ટકા આવેલ છે. આદર્શ નિવાસી શાળામાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની વિચરતી-વિમુકત જાતિ તથા અતિ પછાત વર્ગની ધો-૯થી ૧૨ની વિદ્યાર્થીનીઓને વિના મૂલ્યે નિવાસ સાથે ભોજન-ગણવેશ-પુસ્તકોની સુવિધા સરકારશ્રી તરફથી આપવામાં આવે છે. શાળાનું છેલ્લા પાંચ વર્ષનું બોર્ડ પરીક્ષાનું પરિણામ ૧૦૦ ટકા રહેવા પામેલ છે.

## કાંકરેજના કંબોઈ મુકામે સમૂહલગ્ન યોજાયા

કાંકરેજ, તા. ૩૦

સમગ્ર ગુજરાતમાં દરેક સમાજમાં સમૂહ લગ્નોના મોટા પ્રમાણમાં આયોજન થાય છે. ત્યારે બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના કંબોઈ ગામે સોલંકી દરબાર દ્વારા પાંચમો સમૂહ લગ્ન ૨૦૧૭ યોજાયો હતો. જેમાં ૨૮ કન્યા અને ૨૮ વરરાજા એમ ૫૬ વર-કન્યાએ ચોરીમાં શોભાવૃદ્ધી કરી ૨૮ યુગલોએ પ્રભુતાના પગલાં માંડી વડીલો અને માતા-પિતાના આશિર્વાદ લીધા હતા. જો કે કાંકરેજ નાકંળોઈમાં હઠાણીપાટી સોલંકી દરબારો દ્વારા 'બેટીને કરીયાવરમાં સંપતિ નહિ પરંતુ શિક્ષણ સાથે સારા સંસ્કાર આપો'નું સિંચન કરાયું હતું. ક્ષત્રિય રાજપૂત સમાજમાં વ્યસનમુક્તિ-કુ-રિવાજોને તિલાંજલી આપવા વડિલો આગેવાનો દ્વારા વર-વધુને સૂચનો કરાયા હતા અને શિક્ષણ ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે વાઘેલા કિર્તીસિંહ (ઉં. પ્રમુખ ગુજરાત પ્રદેશ કિસાન મોરચો), ભારતસિંહજી ભટેસરીયા (મહામંત્રી બનાસકાંઠા જિલ્લા ભાજપ), શાન્તુભા ડાભી (જિ.પં. સદસ્ય), ડાયાભાઈ પિલીયાતર (પ્રમુખ શ્રી કાંકરેજ ભાજપ), મફતસિંહજી સોલંકી (પૂર્વ પ્રમુખ ભાજપ અને તા.પં. પ્રમુખ કાંકરેજ), ગોપાળભાઈ સોલંકી (પૂર્વ સરપંચ-કંબોઈ), ડી.સી. સોલંકી, ઈશુભા વાઘેલા (મહામંત્રી કાંકરેજ ભાજપ) સહિત મોટી સંખ્યામાં સામાજીક અને રાજકિય આગેવાનો સહિત વર-કન્યાના માતા-પિતા ભાઈ-બહેન તેમજ જાનૈયા અને માંડવીયા ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઉનાળાની ગરમીનો ઉકળાટ હોવા છતાં કંબોઈ રામજી મંદિર પરિસરથી માંડી લગ્નમંડપ સુધી રડવાડી મંડપમાં લોકોનો ભરાવો જોવા મળ્યો હતો. પરસેવે રેબઝેબ વરકન્યાને દેશી પંખા વડે પવન નાંખી ઠંડક પવન આપવાના પ્રયત્નો સાથીદારો દ્વારા કરાયા હતા. આમ કાંકરેજના કંબોઈ ગામે શ્રી બહુચર સમૂહલગ્ન સેવા સમિતી દ્વારા ૨૦૧૭નો પાંચમો સમૂહ લગ્ન યોજાયો હતો. જેમાં દાતાશ્રીઓ દ્વારા યોગ્ય રીતે દાનની સરવણી કરવામાં આવી હતી અને સાંજે ૪ થી ૬ કલાકે જાન વિદાય કન્યા વિદાય અપાઈ હતી.

### ઠાકોર સમાજનું ગૌરવ મંથન બી. બોચાતર

ગાંધીનગરના સેકટર-૨ ખાતે રહેતા મંથન બી. બોચાતર ધોરણ-૧૦ ની પરીક્ષામાં અત્યંત સારા ગુણથી ઉત્તીર્ણ થતા, ઠાકોર સમાજનું ગૌરવ વધાર્યુહતુ. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૦ ની પરીક્ષાનું આજે પરિણામ આવતા, સેકટર-૨ માં રહેતા મંથન બી. બોચાતરને ૯૩.૪૬ પર્સેન્ટાઈલ આવ્યા હતા. પોતાની આ સિધ્ધિ બાબતે વાત કરતા મંથને વર્ષના પ્રારંભથી જ સખત મહેનત કરી હોવાનુંજણાવ્યુહતુ. ઉપરાંત શાળાના શિક્ષકો સહિત પિતા અને માતા આ સફળતાનું શ્રેય આપ્યુ હતુ. સેકટર-૨ સ્થિત પ્લોટ નં.૧૫૧૨/૧ માં રહેતા મંથનની મહેનત બદલ સુંદર પરિણામ મળતા, તેના માતા-પિતા ખુશખુશાલ થઈ ઉઠયા હતા.

## મહેસાણા પાલિકા વિસ્તારમાં વિકાસ કામોના લોકાર્પણ : ખાતમુર્હુત : ભુમિપૂજન

મહેસાણા, તા. ૩૦

મહેસાણા શહેરના માનવ આશ્રમના ઓ.જી વિસ્તારમાં નર્મદા આધારીત જળ પુરૂ પાડવા માટે અમૃત યોજના તળે ૫૦.૨૮ કરોડના વિકાસ કામોના ખાતમુર્હુત-લોકાર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં ૫૦ લાખ લીટરની પાણીની કેપીસીટીનો સંપ સહિત વિવિધ ૧૧ જગ્યાઓ ઉપર ઓવરહેડ પાણીની ટાંકીઓ તથા રાઈજીંગ મેઈન લાઈનનું ભુમિપૂજન નાયબ મુખ્યમંત્રીના હસ્તે કરાયું હતું.



તળાવ વિકાસની કામગીરી અંતર્ગત સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ પરા તળાવનું સ્વામી વિવેકાનંદ લેક નામકરણ કરવામાં આવ્યુંહતુ. સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૧૮ લાખના ખર્ચેનવીન સીનીયર સીટીઝન હોલનું લોકાર્પણ નાયબ મુખ્યમંત્રીના હસ્તે કરવામાંઆવ્યુંહતુ.

રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ દ્વારા શહેરમાં વિવિધ ૧૩ જગ્યાઓ પર વિકાસ કામોના ખાતમુર્હુત,ભૂમિપૂજન અને લોકાર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં પુનિતનગર સોસાયટીમાં ૬ લાખ લિટરની ટાંકીનું ખાતમુર્હુત, ટી.બી રોડ, શોભાસણ રોડ, પોલીસ હેડક્વાટર્સમાં ૫ લાખ લિટરની ટાંકીનું ખાતમુર્હુત, સૌરભ સોસાયટી અને તીરૂપતી સોસાયટીમાં ૩ લાખ લિટરની ટાંકીનું ખાતમુર્હુત, રામોસણા વિસ્તાર અને ઉત્સવ સોસાયટીમાં ૪ લાખ લિટરની ટાંકીનું ખાતમુર્હુત, તાવડીયા રોડ ખાતે ૧૦ લાખ લિટર અને ૧૫ લાખ લિટર ટાંકી એસ.આર.પેટ્રોલ પંપ સહિત પરા તળાવ ખાતે ૫૦ લાખ લિટરના અન્ડર ગ્રાઉન્ડ સંપ તથા ૧૫ લાખ લિટરના ઓવર હેડ ટાંકીનું ખાતમુર્હુત કરાયું હતું, સીનીયર સીટીઝનની સેવા માટે મનમોહન સોસાયટી ખાતે સીનીયર સીટીઝન હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



મહેસાણા શહેરના વિવિધ વિકાસ કામોના ખાતમુર્હુત ભુમિપૂજન અને લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે મહેસાણા શેહરમાં ૨૦૩૧ સુધી વસ્તી ૫.૫૦ લાખ વસ્તી થાય તે મુજબ વસ્તીઆધારીત નર્મદાના પાણી મેળવવાનો જથ્થો મંજુર કરાયો છે.

દેશમાં સૌ પ્રથમ અમૃત યોજના શરૂ થયેલ જેનો લાભ મહેસાણા શહેરને મળ્યો છે. મહેસાણા શહેરનો વિકાસ થાય તે દિશામાં સરકાર નિર્ણાયક રીતે કામ કરી રહી છે.

### બેલ બોય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમદાવાદ રહેવા ગયો છે અને નોકરી પણ મળી છે.

તેની ખ્વાહિશ વિપુલભાઈ સાથે રહી અને એક સારા વકીલ બનવાની છે. તેણે કહ્યુ કે જિંદગીમાં મારા જેવી કોઈ તકલીફ રિમાન્ડ હોમના બાળકોને ન પડે તે માટે હુ બધુ જ કરીશ.

મારે વકીલ થયુ છે અને વિદ્યા માટે સતત સંઘર્ષ કરીશ. સંઘર્ષ મારા માટે આશીર્વાદ છે. મને ત્રિવેદી સાહેબ, જી.એસ. સર અને કોના નામ લઉ અને કોના ના લઉ એ બધાએ જે પ્યાર લાગણી હૂંફ આપી છે તે શબ્દોમાં વર્ણવી શકાય નહિ પણ શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાન ગંગા જ્યાં વહે એ વાત સાચી છે એટલુ જ કહેવુ છે.

### અનામત રખાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાખવામાં આવેલા પરિણામમાં રાજયમાંથી ૧૦૧૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જેમાં સી સી ટી વી ફુટેજના આધારે ૮૭૧ વિદ્યાર્થીઓના પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યા છે. જયારે સ્કોવોર્ડના આધારે ૧૪૧ વિદ્યાર્થીઓના પરિણામ રીઝર્વ કરવામાં આવ્યા છે. જયારે ગાંધીનગર જિલ્લામાંથી પણ ૮ વિદ્યાર્થીઓના પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યા છે. સી સી ટી વી ફુટેજના નિરિક્ષણના આધારે ગેરરીતીના કેસ માલુમ પડ્યા છે. જેના અંતે જિલ્લાના ૮ વિદ્યાર્થીઓના પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યા છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

### આરોપો ઘડાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીબીઆઈ દ્વારા જામીન અરજીનો વિરોધ કરવામાં આવ્યો છે. સીબીઆઈ કોર્ટે અડવાણી સહિત અન્યોની સામે આરોપો ઘડવાનો આજે આદેશ કર્યા બાદ રાજકીય વર્તુળોમાં તેજી જામી ગઈ છે. બાબરી ધ્વંસ પાછળ તેમના કાવતરા બદલ તમામ સામે આજે આરોપો ઘડવામાં આવ્યા હતા. જો કે, ૫૦૦૦૦ રૂપિયાના પર્સનલ બોન્ડ ઉપર તમામને જામીન આપી દેવામાં આવ્યા હતા. આજે કોર્ટ કાર્યવાહી શરૂ થતાની સાથે જ તમામ ૧૨ આરોપીઓના વકીલોએ અડવાણી અને અન્યો તરફથી જામીન અરજી કરી હતી જેને માન્ય રાખવામાં આવી હતી. ત્યારબાદ અન્ય અરજી કરવામાં આવી હતી જેમાં કાવતરા આરોપોમાંથી તેમને છોડી મુકવાની માંગ કરાઈ હતી જેને સીબીઆઈ જજે ફગાવી દીધી હતી. હવે આઈપીસીની વધારાની કલમ ૧૨૦બી તેમની સામે લાગૂ કરવામાં આવી છે.

### આર્થિક સંબંધો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓફિસ એટલે કે ચાન્સલરીના મોદીનું લશ્કરી સન્માન કરવામાં આવ્યું હતું. અહીં માર્કેલ અને અન્ય વરિષ્ઠ જર્મની અધિકારીઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને ચાન્સલરની પોતાની સાથે આવેલા પ્રતિનિધિમંડળની ઓળખ કરાવી હતી. મોદીને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમનું સ્વાગત જર્મની સેનાએ ભારતના રાષ્ટ્રગીત સાથે કર્યું હતું. ત્યારબાદ બંને નેતાઓ આંતર સરકારી વાતચીતમં વ્યસ્ત થઈ ગયા હતા.

### ધમાકેદાર એન્ટ્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુધી કોઈ ફેરફાર થાય તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે. ત્રીજી અને પાંચમી જૂનની વચ્ચે કેરળ, લક્ષ્યદ્વીપ, અંદામાન નિકોબાર દ્વીપ, ઉત્તર પૂર્વીય રાજ્યોમાં વરસાદ પડી શકે છે. પૂર્વીય ભારત અને પૂર્વીય મધ્યપ્રદેશમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. રાષ્ટ્રીય પાટનગર અને આસપાસના વિસ્તારોમાં શુક્રવારે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. બાંગ્લાદેશમાં મોરા વાવાઝોડુ ત્રાટક્યું છે જેની અસર જોવા મળશે. મેઘાલય, મિઝોરમ અને મણિપુર માટે ચેતવણી જારી કરાઈ છે. દક્ષિણ પશ્ચિમ ચોમાસુ આજે કેરળ પહોંચી ગયું છે.

### દુકાનો બંધ રહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અપલોડ કરવાના વિરોધમાં સમગ્ર દેશમાં આજે હડતાળ પાડવામનાં આવી હતી. ઓનલાઈન દવાઓના વેચાણ, રિટેલર માટે માર્જિન ઘટાડવા સહિતના મુદ્દાને લઈને આ હડતાળ પાડવામાં આવી હતી. હડતાળના કારણે દેશભરમાં આજે દવાની દુકાનો બંધ રહી હતી. દવાની દુકાનો બંધ રહેવાના કારણે સામાન્ય દર્દીઓને પણ ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો. આજે દેશભરમાં નવ લાખથી વધુ દવાની દુકાનો બંધ રહી હતી. જો કે ઈમરજન્સી સર્વિસેજ પર કોઈ અસર થઈ નથી. બંધની હાકલ કરનાર સંસ્થાઓ હોસ્પિટલની બહાર દવાની દુકાનોને ખુલ્લી રાખવાની ગઈકાલે રાત્રે જ ખાતરી આપી હતી. એક દિવસની હડતાળના કારણે દવાની દુકાનો બંધ રહી હતી. જેથી હડતાળની માઠી અસર થઈ હતી. તેમના નફાના માર્જિન ઉપર લાદવામાં આવેલી મર્યાદાને હળવી કરવાની સાથે સાથે દવાઓના વેચાણ અને સ્ટોરેજ માટે નક્કી કરવામાં આવેલા ધારા ધોરણને હળવા કરવાની કેમિસ્ટો દ્વારા માંગ કરવામાં આવી છે.

### નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

બસ પછી તો મેં લક્ષ્મીની સારવાર કરાવી. તેની માં ને બોલાવી તેને સોંપી. લક્ષ્મીમાં પૈસા આપવા લાગી. પણ મેં મનમાં ને મનમાં માતાજીને યાદ કરી પ્રણામ કર્યા અને તેના રૂપિયા લેવાનો ઈન્કાર કરી દીધો અને હું પાછી આવતી રહી. બહેન મેં જે કર્યું તે બરાબર જ કર્યું ને?

મીનાક્ષીબેન અવાક થઈ સાવિત્રીના ચહેરા સામે જોઈ રહ્યા. એક અભણ સ્ત્રી ખુબ સાધારણ રીતે અસાધારણ વાત કહી રહી હતી. જેના મનમાં પ્રેરણા જાગી કે કોઈ દુઃખી માણસનું દુઃખ દૂર કરવું એ જ સાચી પૂજા છે.